For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# આયા રે આયા, રાજા આયા, ગલેમંડી ચા રાજા આયા




ગણેશોત્સવનો રંગ જામી રહ્યો છે અને ગણેશભક્તોનો ઉત્સાહ પણ સતત વધી રહ્યો છે. શહેરભરમાં બાપ્પાની પ્રતિમાઓની ધામધૂમથી શ્રદ્ધાપૂર્વક આગમનયાત્રાઓ નીકળી રહી છે. ત્યારે શહેરના મધ્યબિંદુ જેવા ભાગળ ચાર રસ્તા પર મધરાતે પણ શોભાયાત્રાનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગલેમંડી ચા રાજા તરીકે વિખ્યાત બનેલી ગલેમંડીની વિશાળ પ્રભાવી ગણપતિ બાપ્પાની પ્રતિમાને હજારો ભક્તોએ વધાવી હતી. યાત્રામાં તો હજારો ભક્તો ઊમટ્યા હતા, સાથે જ યાત્રારૂટ ઉપર ઠેર ઠેર શ્રીજીને વધાવવા માટે પણ કીડિયારું ઊભરાયું હતું. **(તસવીરઃ હેમંત ડેરે)**

**રિંગ રોડ અને વેસુ VIP રોડ પર બે ઓફિસ તથા પાંચ પ્રોજેક્ટ પર સેન્ટ્રલ GSTની ટીમોના ધામા**

# જીએસટીની ચોરી?: બે અગ્રણી બિલ્ડરના 7 પ્રોજેક્ટ પર સર્ચ

**45** લાખથી ઓછી કિંમતના અફોર્ડેબલ આવાસ દર્શાવી 1 ટકા ડ્યૂટી ભરી 4 ટકા જીએસટી ચોરી કરવામાં આવતી હોવાની શંકા

**લક્ઝુરિયસ** ફ્લેટ પર 5 ટકા અને કોમર્શિયલ પ્રોજેક્ટમાં દુકાનના વેચાણ પર લાગુ 18 ટકા ટેક્સ નહીં ભરાતાં GST વિભાગ હરકતમાં આવ્યો

સુરતઃ સુરતના બે જાણીતા બિલ્ડર ગ્રુપ દ્વારા લક્ઝુરિયસ ફ્લેટ અને કોમર્શિયલ પ્રોજેક્ટમાં દુકાનો, શોરૂમના વેચાણને બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ (BUC) મળ્યા પછીના ફ્લેટ અને દુકાન વેચાણના સોદા દર્શાવી કરવામાં આવતી જીએસટી ચોરીની બાતમી મળ્યા પછી CGST સુરત દ્વારા આજે રિંગરોડ અને વેસુ વીઆઈપી રોડ પર બે ઓફિસ અને 5 બિલ્ડિંગ પ્રોજેક્ટ પર સર્ચ કાર્યવાહી કરવામાં આવી છે.

સામાન્ય રીતે બિલ્ડરો ફ્લેટ અને દુકાનોનાં વેચાણ પેટે એડવાન્સમાં 40 ટકા બુકિંગ એકાઉન્ટ અને 60 ટકા રકમ ઈન્સ્ટોલમેન્ટમાં લેતા હોય છે. આ રકમ પર 5 ટકા ટેક્સ ભરવાપાત્ર હોય છે. પણ વિચિત્ર નિયમ એવો છે

...અનુસંધાન પાના ૯ પર

### સોદામાં બ્લેકની લેવડદેવડ હશે તો આવકવેરા વિભાગની પણ એન્ટ્રી થશે

બંને બિલ્ડરોનાં કોમર્શિયલ અને રેસિડેન્સિયલ પ્રોજેક્ટમાં કેટલો માલ વેચાયો? ડાઉન પેમેન્ટ કેટલું લીધું? સ્ક્વેર ફૂટ દીઠ બુકિંગ કિંમત કેટલી હતી? ટેક્સ કેટલો ભરવામાં આવ્યો? બ્લેક એન્ડ વ્હાઈટ સોદાની એમાઉન્ટનો તાગ મેળવવામાં આવ્યો છે. સોદાનાં ડોક્યુમેન્ટનાં બ્લેકની રકમ મોટી જણાશે તો સંકલનના ભાગ સ્વરૂપે GST વિભાગ હવે આવકવેરા વિભાગને જાણ કરશે. હાલ 5 પ્રોજેક્ટ સાઈટ અને રીંગરોડની બંને ઓફિસોમાં સર્ચ ઓપેરશન ચાલી રહ્યું હોવાથી SGST અધિકારીઓએ કોઈપણ પ્રકારની માહિતી આપવા ઈનકાર કર્યો છે.

# પી.આર.ખાટીવાલા સ્કૂલના ધો.10ના વિદ્યાર્થીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

**રાંદેર** રોડ ઉપર રહેતા હર્ષિલ પંચોલીએ મંગળવારે સવારે કોઇની સાથે ગુસ્સામાં વાત કર્યા બાદ જીવનનો અંત આણ્યો

સુરતઃ રાંદેરમાં પી.આર. ખાટીવાલા સ્કૂલના વિદ્યાર્થીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મંગળવારે સવારે કોઈનો ફોન આવ્યો હતો. તેની સાથે ગુસ્સામાં વાતો કર્યા બાદ ફાંસો ખાઈ લીધો હતો.

રાંદેર પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, રાંદેરરોડ ઉપર આવેલી ચોકસીવાડી પાસે આવેલી સાંઈબાબા શ્રદ્ધા સોસાયટીમાં રહેતા અને રત્નકલાકાર તરીકે કામ કરતાં દીપેશભાઈ પંચોલી રત્નકલાકાર તરીકે કામ કરે છે. તેમનાં પત્ની ખાનગી હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં કામ કરે છે. તેમનો 14 વર્ષીય પુત્ર હર્ષિલ ડુમસ રોડ ઉપર આવેલ પી.આર ખાટીવાલા સ્કૂલના ધોરણ-10માં અભ્યાસ કરતો હતો. મંગળવારે સવારે તેના માતા-પિતા બંને નોકરી ઉપર ગયા હતા. ત્યારે તે ઘરમાં દાદા-દાદી સાથે હતો. તે સમયે તેના મોબાઈલ ઉપર કોઈનો ફોન આવ્યો છે. જેથી હર્ષિલ તેની સાથે ફોન ઉપર વાત કરતા કરતા ગુસ્સામાં આવી ગયો હતો અને ફોન ઉપર સામે વાળી વ્યક્તિ સાથે ઝગડો કર્યો હતો. ત્યારબાદ તેએ ફોન મૂકીને રૂમમાં જઈને પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવને પગલે રાંદેર પોલીસે હર્ષિલનો મોબાઈલ ફોન કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# દિલ્હી ખાતે બ્લોકના કારણે સુરતથી પસાર થતી 8 ટ્રેન રદ, 2 ટ્રેન ડાઈવર્ટ કરાઈ

**બાંદ્રા-**હજરત નિઝામુદીન યુવા એક્સપ્રેસ, બાંદ્રા નિઝામુદીન સંપર્ક ક્રાંતિ બાંદ્રા નિઝામુદીન ગરીબરથ અને ચંડીગઢ મડગાંવ સંપર્કક્રાંતિ રદ કરવામાં આવી

સુરત : દિલ્હી ખાતે બ્લોકના કારણે સુરતથી પસાર થતી 8 ટ્રેનો રદ કરવામાં આવી છે અને બે ટ્રેનોનો રૂટ ડાઈવર્ટ કરવામાં આવ્યા છે.

રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી ડિવિઝનના પલવલ પાસે નોન ઈન્ટરલોકિંગના કારણે 17 સપ્ટેમ્બર 2024ના રોજ બ્લોક લેવાશે. તેના કારણે સુરતથી પસાર થતી અને રદ થયેલી ટ્રેનોમાં તારીખ 6 અને 13 સપ્ટેમ્બરે ટ્રેન નંબર 12247 બાંદ્રા-હજરત નિઝામુદીન યુવા એક્સપ્રેસ, તારીખ 7 અને 14 સપ્ટેમ્બરની ટ્રેન નંબર 1224 8 હજરત નિઝામુદીન-બાંદ્રા યુવા એક્સપ્રેસ 8,11 અને 15 સપ્ટેમ્બરની ટ્રેન નંબર 12907 બાંદ્રા-હજરત નિઝામુદીન સંપર્કક્રાંતિ એક્સપ્રેસ, 9,12 અને 16 સપ્ટેમ્બરની ટ્રેન નંબર 12908 હજરત નિઝામુદીન-બાંદ્રા સંપર્કક્રાંતિ એક્સપ્રેસ, 5, 7, 19, 12, 14 સપ્ટેમ્બરની ટ્રેન નંબર 12909 બાંદ્રા-હજરત નિઝામુદીન ગરીબરથ એક્સપ્રેસ, 6, 8, 11, 13, 15 સપ્ટેમ્બરની ટ્રેન નંબર 12910 હજરત નિઝામુદીન- બાંદ્રા ગરીબરથ એક્સપ્રેસ, 10, 11, 17, 18 સપ્ટેમ્બરની ટ્રેન નંબર 12449

...અનુસંધાન પાના ૯ પર

# વહેલી સવારે ઈકો કારમાં તસ્કરો આવ્યા અને જ્વેલર્સમાંથી 1.25 કરોડના દાગીના ચોરી ગયા

**ભટાર** રોડના ઓર્નામેન્ટા જ્વેલર્સમાં ત્રાટકેલા તસ્કરોએ ગણતરીની મિનીટ્સમાં જ ચોરીની ઘટનાને અંજામ આપ્યો

**શટર્સ** તોડી ડિસ્પ્લેમાં મૂકેલા તમામ દાગીના ચોરી ગયા, થેલી નહીં મળતાં ચોરેલી ચાંદી પાછી મૂક્યાનું પણ સીસીટીવી ફૂટેજમાં દેખાયું

**સીસીટીવી** કેમેરા તોડી ડીવીઆર પણ સાથે લઈ ગયા




સુરતઃ ભટાર રોડના ટર્નિંગ પોઈન્ટ પર આવેલી ઓરનામેન્ટા જ્વેલર્સ દુકાનમાં વહેલી સવારે ઇકો કારમાં આવેલા ચોરોએ કરોડો રૂપિયાની ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. તસ્કરો ઇકો કારમાં આવ્યા હતાં. શટલ તોડી દુકાનમાં પ્રવેશ્યા હતા અને ડિસ્પ્લેમાં મૂકેલા સોના અને ચાંદીના દાગીના ચોરી ગયા હતા. સીસીટીવી ફૂટેજમાં ચાર આરોપીઓ કેદ થયા હતા, જેના આધારે ઉમરા પોલીસે તપાસ શરૂ કરી છે. તસ્કરોનો પ્લાન આખી દુકાન લૂંટી લેવાનો હતો, પરંતુ તેઓની ધારણા કરતાં સોનું વધારે નીકળતા આ લોકો પાસે સામાન લઇ જવા માટે કોઇ

...અનુસંધાન પાના ૯ પર

### સીસીટીવી સહિતની વિગતોથી વાકેફ ચોરટાઓ જાણભેદુ હોવાની શંકા

આરોપીઓ જ્વેલર્સની દુકાનને ટાર્ગેટ કરે છે અને સમગ્ર ઘટનાને મિનિટોમાં અંજામ આપે છે. તસ્કરો શટલ તોડી ડિસ્પ્લેમાં મૂકેલા તમામ સોના ચાંદીના દાગીના ચોરી ગયા હતા. શો રૂમમાં ડિસ્પ્લેમાં તોડ ફોડ સિવાય બધો સામાન યથાવત જોવા મળ્યો હતો. તસ્કરો સોના ચાંદી સાથે ડીવીઆર પણ ચોરી ગયા અને સીસીટીવી પણ તોડી નાખ્યાં હતાં. ચોરી કરનારને સીસીટીવી કેમેરા ક્યાં છે અને કેવી રીતે બચવું તેવી તમામ વિગતોથી તે પહેલેથી જ વાકેફ હતા. આમ ચોરોમાં ક્યાં તો કોઇ ઓળખીતો હોવાનો અથવા કોઇ જાણભેદૂ હોવાની વિગત પોલીસે જણાવી છે.

### 1.25 કરોડના સોના-ચાંદીના દાગીના ચોરાયા

ઉમરાનાં ટર્નિંગ પોઈન્ટ નજીક ઓરનામેન્ટા જ્વેલર્સમાંથી ઇકો કારમાં આવેલા 4 તસ્કરોએ દુકાનનું શટર તોડી સોના ને ચાંદીની ચોરી કરી છે. અંદાજે 1.25 કરોડની ચોરીની તપાસ ઉમરા પોલીસ દ્વારા નોંધવામાં આવી છે. જ્વેલર્સે પોલીસને પ્રાથમિક રીતે જણાવ્યું છે કે, શોપની અંદર ડિસ્પ્લેમાં રાખવામાં આવેલા 3 કિલો સોનું અને 7 કિલો ચાંદી લઈને તસ્કરો ફરાર થઈ ગયા છે. આ આંકડો હજુ મોટો હોવાની વિગતો પોલીસે જણાવી છે.

### આરોપીઓને શોધવા માટે ડીસીબી, પીસીબી અને એસઓજી પણ કામે લાગી

એસીપી વિજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, ફરિયાદી શૈલેષભાઈ સોનીના નિવેદન મુજબ તેમની દુકાનમાં આશરે ત્રણ કિલો સોનું અને સાતેક કિલો ચાંદીનાં ઘરેણાં શો રૂમના ડિસ્પ્લેમાં મૂકવામાં આવ્યા હતા. જે તમામ દાગીના ચોરી થઈ ગયા છે. ચોરી

...અનુસંધાન પાના ૯ પર



# હાય રે અંધશ્રદ્ધા! સાપે ડંખ મારતાં પરિવાર બાળકને ભૂવા પાસે લઈ ગયો અને મોત

**ભૂવા** પાસે બે કલાકનો સમય વેડફાઈ ગયો ને મેડિકલ સારવાર નહીં મળતાં બાળક તરફડીને મોતને ભેટ્યોઃ પરિવાર સામે ધિક્કારની લાગણી

ભરૂચઃ ફરી એકવાર અંધશ્રદ્ધાના કારણે એક બાળકે જીવ ગુમાવ્યાની ઘટના સામે આવી છે. ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના ભીમપોર ગામે એક માસુમ બાળકને સાપ કરડ્યા બાદ હોસ્પિટલ લઈ જવાને બદલે ભૂવા પાસે લઈ જવામાં આવ્યો હતો. બાળકને સમયસર સારવાર ન મળતા આખરે બાળકે જીવ ગુમાવવો પડ્યો હતો.

ભરૂચ આમોદના ભીમપોર ગામે એક બાળકને સાપે દંશ દીધો હતો. બાળકના પરિવારે તેને તાત્કાલિક

...અનુસંધાન પાના ૯ પર

### નવા કાયદા મુજબ ભૂવા સામે કાર્યવાહી થવી જોઈએઃ વિજ્ઞાનજાથા

સમગ્ર ઘટના મામલે વિજ્ઞાનજાથાના ચેરમેન જયંત પંડ્યાએ એવું નિવેદન આપ્યું હતું કે ભૂવા સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. તાજેતરમાં જ વિધાનસભામાં કાળા જાદુ વિરોધી બિલ પાસ કરવામાં આવ્યું છે. ત્યારે સરકારે લાવેલા કાયદાની કડક અમલવારી થાય એ ખુબ જ જરૂરી છે.

**ગણપતિ પ્રતિમા સ્થાપના બાબતે કેટલાક વિદ્યાર્થીઓ ભયનું વાતાવરણ ઊભું કરે છે**

# નર્મદ યુનિવર્સિટી કેમ્પસમાં નશાકારક પદાર્થો અને ડ્રગ્સના સેવનની આશંકા

**યુનિવર્સિટીએ** પોલીસને પત્ર લખી કેમ્પસમાં વિદ્યાર્થીઓના ડ્રગ્સ ટેસ્ટની માંગ કરી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વેસુ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ કિસ્સામાં અરજીઓ કરવામાં આવી છે. જેમાં કેમ્પસની અંદર કેટલાક વિદ્યાર્થી તત્વો કાર ઉપર સ્ટંટ કરતા હોવાની તથા કેમ્પસમાં નશાકારક પદાર્થોનું સેવન થતું હોવાની આશંકા વ્યક્ત કરી પોલીસની મદદ માંગી છે. અને કેમ્પસમાં વિદ્યાર્થીઓના ડ્રગ્સ ટેસ્ટની કરવાની પણ માંગ કરી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર દ્વારા વેસુ પોલીસને અલગ અલગ કિસ્સામાં પત્ર લખાયા છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાડી પર બેસીને સ્ટંટ કરવામાં આવી રહ્યા છે. યુનિવર્સિટી પરિસરમાં ગેટ નંબર 1 પાસે એક વિદ્યાર્થીએ જીજે-21-સીએ-4376 નંબરની લાલ સ્વીફ્ટ કારના બોનેટ ઉપર બેસીને પ્રવેશ કર્યો હતો. આ કાર એટલી સ્પીડમાં હતી કે લાઈબ્રેરી તરફ જવાના રોડ પર બાઈક ઉપર જઈ રહેલા એક વિદ્યાર્થીને અડફેટે લીધો હતો. પરિસરમાં ગણેશજીની પ્રતિમા એમ્ફી થિયેટર ખાતે બિરાજમાન

...અનુસંધાન પાના ૯ પર

### યુનિવર્સિટીમાં કેમેરાઓ પણ તોડી નાંખનાર આ વિદ્યાર્થીઓ કોણ?

બીજી તરફ યુનિવર્સિટીમાં આવેલા નર્મદ સ્મૃતિ સેમીનાર હોલના અંદર કેમેરાઓ લગાડવામાં આવ્યા છે. પરંતુ યુનિવર્સિટી પરિસરના અમુક વિદ્યાર્થીઓ દ્વારા લગાડવામાં આવેલા કેમેરાને ક્ષતિ પહોંચડવામાં આવી છે. આ દ્રશ્યો વિડીયોમાં કેદ થઇ ગયા છે. જેથી પરિસરમાં આવા વિદ્યાર્થીઓ દ્વારા ગણપતિ વખતે કોઈ દૂષણ ન ફેલાવાય તે માટે પોલીસને જાણ કરી છે.

### શ્રીજી સ્થાપના વિવાદમાં જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના બે વિદ્યાર્થી સસ્પેન્ડ

કેમ્પસમાં ગણપતિ સ્થાપના બાબતે જાણે યુનિવર્સિટીને અખાડો બનાવી રહ્યા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. ગઈકાલે આ વિવાદમાં લો વિભાગના એક વિદ્યાર્થીને સસ્પેન્ડ કર્યા બાદ આજે જર્નાલિઝમ વિભાગના બે વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાયા છે. જેને કારણે બે જુથ વચ્ચેની માથાકૂટ મોટી બને તેવી શક્યતા છે. જેથી ગણપતિ ઉત્સવ દરમિયાન મંડપ પાસે કેમ્પસમાં પોલીસ પ્રોટેક્શ માટે રજૂઆત કરાઈ છે.

# 10 દિવસ પહેલા નોકરી પર રાખેલો કારીગર રોકડા 3 લાખ ચોરી ફરાર

**મીઠાઈની** દુકાનમાં હેલ્પર તરીકે કારીગરને રખાયો હતો

સુરતઃ ઉગત રાંદેર રોડ પર આવેલી મીઠાઈની દુકાનમાં દસ દિવસ પહેલા મીઠાઈ બનાવવા હેલ્પર તરીકે યુવકને કામે રાખ્યો હતો.જે યુવક મોકો જોઈ તહેવારમાં મીઠાઈ વેચાણનાં 3 લાખ ડ્રોવર તોડી ચોરી ગયો. મીઠાઈનાં વેપારીએ યુવક વિરૂદ્ધ રાંદેર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

રાંદેર પોલીસ પાસે મળતી માહીતી મુજબ ઉગત ખાતે આવેલ ચક્રધર સોસાયટીમાં રહેતા મૂળ રાજસ્થાનના 25 વર્ષીય મોતીસિંહ લાલસિંહ રાજપુરોહિત ચક્રધર સોસાયટીની બહાર જ મીઠાઈની દુકાન ચલાવે છે.10 દિવસ પહેલા જ તેમના બાજુના ગામમાં રહેતા દિનેશ સકારામ પટેલને(ર હે.બિંજા, જિ.પાલી, રાજસ્થાનને )નોકરી પર રાખ્યો

...અનુસંધાન પાના ૯ પર

# સોનગઢમાં હવસખોર આચાર્યથી લાજ બચાવવા બે વિદ્યાર્થિની અડધી રાત્રે હોસ્ટેલ છોડી ભાગી

**વાડી** ભેંસરોટ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના આચાર્ય મિનેશ પટેલે નશાની હાલતમાં રાત્રે 12 વાગ્યે પાછલા બારણે હોસ્ટેલમાં ઘૂસી વિદ્યાર્થિનીઓને બહાર આવવા કહ્યું હતું

**આદિવાસી** સમાજમાં ભારે આક્રોશઃ નાપાસ કરાવવાની ધમકી આપી આચાર્ય શરણે થવા દબાણ કરતો હતો



વ્યારાઃ શાળાના આચાર્યને સમાજમાં ખૂબ જ ઉંચો દરજ્જો આપવામાં આવે છે, હજારો બાળકોનો ઘડવૈયો આચાર્ય જ રક્ષકને બદલે ભક્ષક બને ત્યારે ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ લજ્જીત થઈ જાય છે. આવી જ એક શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના

...અનુસંધાન પાના ૯ પર

### ઘણા શિક્ષકો-આચાર્યો છોકરીઓની છેડતી કરતા હોય છે, કડક પગલાં ભરાવા જોઈએઃ તાપી જિલ્લા પંચાયત સભ્ય

વાલીઓ ગરીબ હોય બાળકીઓને ભણાવવા આશ્રમશાળાએ મોકલે છે. અમારી જાણમાં એવું પણ છે કે, ઘણી બધી સ્કુલોમાં એવા શિક્ષકો કે આચાર્યો હોય છે કે જેઓ છોકરીઓની છેડતી કરતા હોય છે. સમાજ, માતા- પિતા કે પોતાની ઇજ્જત ખાતર તેઓ

...અનુસંધાન પાના ૯ પર

### મોટા વરાછાના મેટાલીક જરી વેપારી સાથે 21.84 લાખની છેતરપિંડી

સુરતઃ મોટા વરાછાના મેટાલિક જરીનાં વેપારીના ખાતા ઉપર એક ઠગ વેપારીના સ્વાંગમાં આવ્યો હતો. વેપારીને સમયસર પેમેન્ટ આપવાનુ કહી વેપારી સાથે વેપાર શરૂ કર્યો હતો. ઠગબાજે 21.84લાખનો જરીનો કાચો માલ મંગાવી બાદમાં ઓફિસ અને મોબાઈલ બંધ કરી ફરાર થઈ ગયો હતો. વેપારીએ અમરોલી પોલીસ સ્ટેશનમાં ઠગબાજ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મોટા વરાછાના વંદના બંગ્લોઝમાં રહેતા મૂળ અમરેલીના 42 વર્ષીય પ્રકાશભાઈ દયાળભાઈ નારોલા અમરોલીની અંજની ઈન્ડસ્ટ્રીમાં વિતરાગ જરી મેટલોનના નામથી જરી બનાવવાનું કામ કરે છે.

...અનુસંધાન પાના ૯ પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અવસાન,બેસણું,શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



પાંચમી માસીક શ્રધ્ધાંજલિ



સ્વ.નાનુભાઈ ડાહયાભાઈ પટેલ
જન્મ તા: ૧૦-૦૭-૧૯૭૭
સ્વ.તા: ૦૫-૦૪-૨૦૨૪

વ્હાલા પપ્પા હરપળ હદય સતત તમને ઝંખે છે, જયાં જયાં અમારી નજર પડે ત્યાં તમારો જ ભાસ થાય છે. પપ્પા તમારો હસતો ચહેરો અને પ્યારભર્યા શબ્દો યાદ આવતા આંખના આંસુ સરી પડે છે, આશા અને અરમાનો ભરી શ્રેષ્ઠ ક્ષણોમાં કાળે અમારા અતિ તેજસ્વી અંશને અમારાથી એક જ ક્ષણમાં છીનવી લીધા, જન્મો જન્મ પિતાના રૂપમાં મળતા રહે એજ અમારી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. નીતાબેન નાનુભાઈ પટેલ(પત્ની)
જેક નાનુભાઈ પટેલ(પુત્ર)
દિયા નાનુભાઈ પટેલ(પુત્રી)
ફેની મિત્તલ પટેલ(પુત્રી)
મિત્તલ ચંદુભાઈ પટેલ(જમાઈ)
સ્થળ : ગણેશ ફળિયુ, આભવા, સુરત



બીજી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અનિલભાઇ રમણભાઇ પટેલ
જ.તા. ૨૭.૧૧.૧૯૭૪
સ્વ. તા. ૦૫.૦૯.૨૦૨૨

નથી હયાત તો પણ સાથે છે તેવું લાગ્યા કરે છે. હરક્ષણ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે.કયારેક કહેવાયેલી વાતના ભણકારા લાગ્યા કરે છે. અમોને યાદોમાં પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. પરમાત્મા તમારી આત્માને ચીર શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના.

લિ.
અનિતાબેન અનિલભાઇ પટેલ
નિલય અનિલભાઇ પટેલ
રૂજલ અનિલભાઇ પટેલ